**ગુજરાત રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને દેશભકિત, પર્યાવરણ, ચિલ્ડ્રન ફિલ્મો તથા વાઇલ્ડ લાઇફ વગેરે શૈક્ષણિક રીતે ઉપયોગી ફિલ્મો બતાવવા બાબત.**

ગુજરાત રાજય,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક :-સમશ-૧૦૧૦-VIP-૧૬(પાર્ટ-૧)-ગ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૫-૦૩-૨૦૧૧

<u>વંચાણે લીધા :-</u>

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૨૭-૭-૦૫ નો પરિપત્ર ક્રમાંક : સમશ-૧૦૨૦૦૪-૧૫૯૧-ગ.૧
(૨) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા.૩-૩-૧૧ નો પત્ર ક્રમાંક : મવર-૪૭૧૬-ખાત-૨૦૧૦-મ.૭-૩૧૪

<u>પરિપત્ર :-</u>

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ-(૧) તા.૨૭-૭-૦૫ ના પરિપત્રથી ગુજરાત રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને દેશભકિત, પર્યાવરણ, ચિલ્ડ્રન ફિલ્મો તથા વાઇલ્ડ લાઇફ વગેરે શૈક્ષણિક રીતે ઉપયોગી ફિલ્મો બતાવવા માટે ગુજરાત શૈક્ષણિક ફિલ્મ, ગાંધીનગરને કામગીરી સોંપવામાં આવેલ છે અને જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ લાભ લે તે હેતુથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આ અંગે પરિપત્ર કાઢી આ ફિલ્મો બતાવવા અંગે જાણ કરવાની સૂચના આપવામાં આવેલ છે.

ગુજરાત શૈક્ષણિક ફિલ્મ, ગાંધીનગરના ઓર્ગેનાઇઝર દ્વારા ઉકત પરિપત્રનો દૂરઉપયોગ કરીને શાળા સંચાલકોને ફિલ્મ દર્શાવવા તેમજ સીડી ખરીદવાની ફરજ પાડતા હોવા અંગેની ગંભીર ફરિયાદો મળેલ આથી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ તારીખ ૦૩-૦૩-૨૦૧૧ ના પત્રથી ઉકત પરિપત્ર રદ કરવા દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૫ થી બહાર પાડવામાં આવેલ ઉકત સૂચનાઓ હાલના સંજોગોમાં બિલકુલ અપ્રસ્તુત હોઇ, શિક્ષણ વિભાગના તારીખ ૨૭-૭-૦૫ નો પરિપત્ર તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે.

વધુમાં, ગુજરાત શૈક્ષણિક ફિલ્મ, ગાંધીનગરના ઓર્ગેનાઇઝરને ઉક્ત પરિપત્રની સૂચના મુજબ આપવામાં આવેલ આઇ કાર્ડ તાત્કાલિક પરત મેળવી લેવા સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી હળપતિ)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

**નકલ રવાના :**

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં.૯, ડો.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,બ્લોક નં.૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (**કમિશ્નરશ્રી**, શાળાઓની કચેરી મારફત)
- તમામ (જિલ્લા) પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- શ્રી મહેન્દ્રભાઇ એન. પટેલ, ઓર્ગેનાઇઝરશ્રી, ગુજરાત શૈક્ષણિક ફિલ્મ, ગાંધીનગર (**કમિશ્નરશ્રી**, શાળાઓની કચેરી મારફત)
- સિલેકટ ફાઇલ / નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.